# 2101002502010003
# EXAMINATION FEBRUARY-MARCH 2024
# BACHELOR OF ARTS (EXTERNAL) (SECOND YEAR)
# GUJARATI - LEVEL 1
# GUJARATI (FOUNDATION COURSE) BHASHA SAHITYA KAUSHALYA & PRATYAYAN KAUSHALYA

[**Time: As Per Schedule]** **[Max. Marks: 100]**

**Instructions:**
**1. Fill up strictly the following details on your answer book**
a. Name of the Examination: **BACHELOR OF ARTS (EXTERNAL) (SECOND YEAR)**
b. Name of the Subject: **GUJARATI – LEVEL 1 GUJARATI (FOUNDATION COURSE) BHASHA SAHITYA KAUSHALYA & PRATYAYAN KAUSHALYA**
c. Subject Code No: **2101002502010003**
2. Sketch neat and labelled diagram wherever necessary.
3. Figures to the right indicate full marks of the question.
4. All questions are compulsory.

Seat No:

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

Student's Signature

**Q.1** ઉમાશંકર જોશી, ઈશ્વર પેટલીકર, ચુનિલાલ મડિયા પૈકી કોઈ પણ એક સાહિત્યકારનું જીવન અને સર્જન નો પરિચય કરાવો. **20**

**Q.2** પ્રશિષ્ટ નવલિકાઓ (ભાગ-૨) વાર્તાસંગ્રહમાંથી નારી સંવેદનને આલેખતી વાર્તાઓની વિગતે ચર્ચા કરો. **20**

**અથવા**

'લોહીની સગાઈ' અને અંતઃસ્ત્રોતા' વાર્તાઓની વિગતે ચર્ચા કરો.

**Q.3** (અ) એક ઉત્પાદક કંપનીના સેક્રેટરી તરીકે કંપનીના કામદારો માટે દવાખાનાની સ્થાપના અંગેની ભલામણ કરતો મેનેજમેન્ટને પત્ર લખો. **10**

(બ) બેંક ઓફ બરોડા' બારડોલી તરફથી બેંક ઓફ બરોડા' નવસારીને ગ્રાહકના ખાતાના ટ્રાન્સફર અંગેનો પત્ર તૈયાર કરો. **10**

**અથવા**

(અ) કંપનીના ખર્ચે કંપનીના પ્લાન્ટની મુલાકાતોનું આયોજન કરવા માટે શેરહોલ્ડરે કરેલી વિનંતી અંગેનો પત્ર તૈયાર કરો. **10**

(બ) 'કોમર્સ ગ્રેજ્યુએટ' યુવાન ધંધો શરૂ કરવા માંગે છે, તે બેંક ઓફ બરોડ' ને પોતાને લોન આપવા વિનંતી કરતો પત્ર લખો. **10**

**Q.4** (અ) આયાત- નિકાસ કરતી પેઢી તરફથી દરિયાઈ વીમા કંપનીને સિમેન્ટની, દરિયાઈ નિકાસ માટે વીમો ઉતારવા માટે પૂછપરછ કરતો પત્ર લખો. **10**

(બ) 'વાઇબ્રન્ટ ગુજરાત' ના ટ્રેડ શો નિમિત્તે ગુજરાતને શ્રેષ્ઠ રાજ્ય બનાવવા માર્ગદર્શક સૂચનો કરતું મુખ્યમંત્રીશ્રીનું પ્રવચન તૈયાર કરો. **10**

**અથવા**

(અ) ફટાકડાનો માલ રાખેલું ગોડાઉન સળગી જતા સ્થળનું નિરીક્ષણ કરવા સર્વેયરને તાત્કાલિક મોકલી આપવાની દરખાસ્ત કરતો પત્ર, વીમાદાર તારફથી વીમા કંપનીને લખો. **10**

(બ) કોલેજના આચાર્ય તરફથી છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને વિદાય આપતું પ્રવચન તૈયાર કરો. **10**

**Q.5** **(અ) ટૂંક નોંધ લખો (ગમે તે એક)** **6**

1) 'માને ખોળે' વાર્તામાં શબૂનું પાત્ર.
2) 'સુખ દુઃખના સાથી'માં વાર્તાકલા

**(બ) પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો (ગમે તે એક)** **4**

1) 'લક્ષ્મી એ દીકરીનો ભવ સુધાર્યો'
2) 'તારી જેમ તો વિધવા કે કુવારીએ ડૂસકા નહીં ભરતી હોય'

**(ક) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ આપો**

1) સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે બે) **2**
ઉત્સવ, જુહાર, ભમરો, નિયતિ

2) વિરુધ્ધાર્થી શબ્દો લખો (ગમે તે બે) **2**
અધમ, સ્થાવર, બંધિયાર, રાજાશાહી

**(ડ) નીચેના વિષય પર સંવાદ લેખન કરો.** **6**

'શું પસંદ કરશો- જૂની શિક્ષણ પધ્ધતિ કે નવી શિક્ષણ પધ્ધતિ?

**અથવા**

નીચેના ફકરાનો ત્રીજા ભાગનો સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.

કુદરત માણસને જીવન બક્ષે છે એ જીવનને શુધ્ધ, સમૃધ્ધિ, પ્રશન્ન, ગંભીર અને વૈવિધ્ય પૂર્ણ બનાવવાના પ્રયત્નમાં માણસે સંસ્કૃતિ ખીલવી. પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણમાંથી જેમ જ્વાળા પ્રગટાવીએ છીએ, તેમ જ જીવનમાંથી સંસ્કૃતિ ખિલાવીએ છીએ. જીવન એ પ્રકૃતિ છે. સંસ્કૃતિ એ એનો ઓપ છે. જીવન એ સંસ્કારિતાનો ઓપ ધોરણ ન કરે તો એ પરિપુષ્ટ હોવા છતાં કૃતાર્થ ન થઈ શકે અને સંસ્કૃતિ જો જીવનને વફાદાર ન રહે તો તેમાં પોલાપણું આવે; એટલું જ નહીં પણ વિકૃતિ પેદા થઈને દુર્ગંધ જ છૂટે, જો જીવન ધરતી હોય તો સંસ્કૃતિ એ એનું સ્વર્ગ છે. એ બે વચ્ચે જો અનુસંધાન ન સધાય તો બંને વ્યર્થ થઈ જાય.

*****